અપીલ અરજી નં.૪૧/૦૮-૦૯ તા. ૧૫-૫-૦૮

અરજદારઃ શ્રી હાજીભાઈ ચાંદીવાલા
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

# હુકમઃ-

***વિષયઃ***- આરટીઆઈ એકટ હેઠળ શ્રી હાજીભાઈ ચાંદીવાલાની તા.૧૮-૧૦-૦૭ ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો અંગેની માહિતી પૂરી પાડવા બાબત.

***સંદર્ભેઃ***-અરજદાર મજકુરની તા.૧૫-૫-૦૮ ની અપીલ અરજી નં.૪૧/૦૮-૦૯

શ્રી હાજીભાઈ ચાંદીવાલાની તા.૧૮-૧૦-૦૭ ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો અંગેની માહિતી પૂરી પાડવા બાબતે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧ ૫-૫-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિ ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯ તા.૨૨-૫-૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી વિલંબથી કરેલ અપીલ અરજી અંગે કોઈ વાજબીપણું કે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોના અનુસંધાને તેઓના પત્ર નં.સે.ઝોન/આ/૨૪૩ તા.૩-૬-૦૮ થી મોકલેલ વિગતોમાં તેમના ધ્વારા અરજદારને પત્ર નં.૭૩૮ તા.૬-૧૧-૦૭ થી રૂા.૨૮/- ફી ભરવા પત્ર લખેલ હોવાનું જણાવેલ પરંતુ અરજદાર ધ્વારા ફી ભરી માહિતી મેળવી લેવામાં આવેલ નહી હોવાનું જણાવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીની સદર વિગતો ધ્યાને લેતાં ફી ભરવાનો સુચના પત્ર સમયમર્યાદામાં લખાયેલ છે. અરજદાર ધ્વારા લગભગ ૮ માસના વિલંબથી કરેલ અપીલ અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી તેમ છતાં સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદાર માહિતી મેળવવા ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. માહિતીના ઈન્કાર કે વિલંબનો પ્રથમદર્શી કોઈ કેસ બનતો ન હોય તે બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૬ -૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન..... જાણ માટે.
(૨) શ્રી હાજીભાઈ ચાંદીવાલા,